VOL.05 | SEPTEMBER - OCTOBER 2021

ટુડેઝ ફેસ્ટ સમાચાર

Issue No.: 11-12 • Pages : 16 • Total Issue.: 57 • Price : ₹15/-

ઓલરાઉન્ડર મોઈન અલીએ
ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તી લીધી

બ્રેઇનડેડ થતા વેપારીએ
૬ વ્યક્તિને નવજીવન આપ્યું



ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં
૧૦ કેબિનેટ સહિત ૨૪ મંત્રી સામેલ

રેલવેનું જનરલ કોચ માટે
બાયોમેટ્રિક ટોકન મશીન લોન્ચ

બિઝનેસનો વ્યાય વધારવા માટે શા માટે ઓટોમેશન અને ટેક્નોલોજી જરૂરી છે ?

VISIT…

HITACHI

ફુલીંગ કા પાવર હાઉસ

49”- Inches

Green REFRIGERANT
Eco-Friendly Refrigerant

Big Flow Deflector

Wave Blade Design

Filter Clean Indicator

Auto Coil Dry

Inner Grooved Copper

43 Quality Tests

Koukin Filter

MRP : ₹ 61790/-* **OFFER PRICE : ₹ 49990/-***

MAXIMUM AREA COVERAGE
Upto 350 Sq.Ft*
(COOLING CAPACITY - 7000 Watts)
HIGHER PERFORMANCE & POWER SAVING

LONGEST AIR FLOW
Upto 40 Ft*
(AIR FLOW - 850 CFM)
QUICK & FASTER COOLING

AIR CONDITIONER
FREE* INSTALLATION
BENEFIT WORTH ₹1,500*

વિશાળ ડ્રોઇંગ રૂમ | શો-રૂમ | ઓફીસ માટે અનુકુળ

0% FINANCE AVAILABLE

SIFA REFRIGERATION
Phone : 079-25620533-29095392 / Mob. 9998435057
Email: Sifa11786@gmail.com | sifarefrigeration11@gmail.com | Website: www.sifaac.com
ADDRESS : 55 To 59, Ground Floor, Block-C, Premier Shoopping Center. Nr. Mirzapur Court, Delhi Chakla Road, Ahmedabad-380001

Noman Ajmerwala
M.: 9662684605

HR Creation
E-mail: hrcreation@gmail.com

Mfg. of Specialist in Cotton Printed Dress Material Kurti & Suit Piece

A-109, 1st Floor, Ghantakarna Mahavir Market,
Nr. New Cloth Market, Sarangpur, Ahmedabad-1, Gujarat(INDIA)

TAJ PIYO
KHUL KE JIYO...

taj® Sharbat
Since 1955

MOUTH WATERING
56
FLAVOURS

SERVE WITH

WATER MILK SODA

FOR TRADE INQUIRY CALL:
9825559786

TAJ sharbat are manufactured by best materials in latest hi tech & hygienic plant

SINCE - 2004
PRAGATI EDUCATIONS
TOWARDS PROGRESS

Study MBBS In
Ukraine

FINEST COUNTRIES TO STUDY

MBBS ABROAD
for Indian Students

Official Authorised Admission Partner

Top Gov. Ukrainian Medical Universities

- શું આપને NEET માં સ્કોર ઓછો છે?
- શું આપનું સ્વપ્ન MBBS ડોકટર બનવાનું છે?
- શું આપને બજેટ પ્રોબ્લેમ છે?
- શું આપને વિદેશ અભ્યાસ લોન વિશે ખ્યાલ છે?
- શું આપને કયા દેશમાં જવું એ મુંઝવણ છે?

call for more informantion :

Harunsir : 9824017478 Imtiyaj bhai :: 7016754180

Convert
YOUR VISITING CARD
INTO SMART CARD

ONE
DIGITAL CARD
₹500/-
~~Rs.1000/-~~

*TERMS & CONDITIONS APPLY

- CONTACTS
- EMAIL
- LOCATION
- SOCIAL MEDIA
- WHATSAPP CHAT
- WEBSITE
- & MUCH MORE

Digital
Visiting Card

EASY CLICKABLE
CARD IN ONE TOUCH

For Demo Call or Whatsapp Now
90 33 30 20 74

TODAYS MEDIA
GRAPHICS | ADVERTISEMENT | BRANDING | PROMOTION

ઓલરાઉન્ડર મોઈન અલીએ

ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તી લીધી

૩૪ વર્ષીય ક્રિકેટરે ૨૦૧૪માં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું અને અત્યાર સુધી ૬૪ ટેસ્ટ મેચમાં ૨૯૧૪ રન બનાવ્યા છે

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર મોઈન અલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે.

ઈંગ્લેન્ડ માટે ૬૪ ટેસ્ટ મેચ રમનાર મોઈન અલીએ આજે સોમવારે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે. મોઈને ૨૦૧૪માં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું અને અત્યાર સુધી તેણે ૬૪ ટેસ્ટ મેચમાં ૨૯૧૪ રન બનાવ્યા છે, જ્યારે ૧૯૫ વિકેટ પણ તેના નામે છે. મોઈને કહ્યું કે તે હવે ૩૪ વર્ષનો છે અને જ્યાં સુધી તે ક્રિકેટ રમવાનું ચાલુ રાખે ત્યાં સુધી આ રમતનો આનંદ માણવા માંગે છે.

મોઈને કહ્યું, 'હું હવે ૩૪ વર્ષનો છું, હવે જ્યાં સુધી હું ક્રિકેટ રમીશ, ત્યાં સુધી ઈચ્છું છું કે હું તેનો આનંદ માણી શકું. ટેસ્ટ ક્રિકેટ અદ્ભુત છે, જ્યારે તમે આ ફોર્મેટમાં સારું પ્રદર્શન કરો છો, ત્યારે તે અન્ય ફોર્મેટ કરતાં વધારે છે. હું ખેલાડીઓ સાથે મેદાન પર જવાનું યાદ આવશે, મેં ટેસ્ટ ક્રિકેટનો ઘણો આનંદ માણ્યો છે, પરંતુ તે ઘણી વખત બહુ વધારે થઈ જાય છે. મને લાગે છે કે મેં ટેસ્ટ ક્રિકેટમાં ખરેખર સારું પ્રદર્શન કર્યું છે અને હું મારી કારકિર્દીથી સંતુષ્ટ છું.

મોઈન અલીએ અગાઉ જ કેપ્ટન જો રૂટ, મુખ્ય કોચ ક્રિસ સિલ્વરવુડ અને પસંદગીકારોને તેના નિર્ણયની જાણ કરી દીધી હતી અને પછી સોમવારે સત્તાવાર જાહેરાત કરી હતી. મોઈન અલી તાજેતરમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણીમાં રમતો જોવા મળ્યો હતો. મોઈન હાલમાં સંયુક્ત આરબ અમીરાતમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં ચેન્નઈ સુપર કિંગ્સ તરફથી રમી રહ્યો છે.

ટી૨૦ રેન્કિંગમાં કોહલી ચોથા, રાહુલ છઠ્ઠા સ્થાને

દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકા વચ્ચે ત્રણ મેચોની ટી૨૦ આંતરરાષ્ટ્રીય સિરીઝ પૂરી થયા બાદ તાજા જારી આઈસીસી ટી૨૦ બેટ્સમેનોના રેન્કિંગમાં વિકેટકીપર-બેટ્સમેન ક્વિન્ટન ડીકોકને ફાયદો મળ્યો છે. ડિકોક પોતાના કરિયરની બેસ્ટ રેન્કિંગ આઠમાં સ્થાને પહોંચી ગયો છે. આ સિરીઝ દક્ષિણ આફ્રિકાએ ૩-૦થી પોતાના નામે કરી હતી. ભારતીય બેટ્સમેનોની વાત કરીએ તો વિરાટ કોહલી ચોથા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે કેએલ રાહુલ છઠ્ઠા સ્થાને યથાવત છે. ભારત તરફથી આ બે બેટ્સમેનો ટોપ-૧૦માં સામેલ છે.

ટી૨૦ બોલરોની વાત કરીએ તો તબરેઝ શમ્સી પ્રથમ સ્થાન પર છે, તો શ્રીલંકાનો વહિંદુ ડિ સિલ્વા બીજા સ્થાને છે. ડેવિડ મલાન નંબર વન ટી૨૦ બેટ્સમેન છે, જ્યારે બાબર આઝમ બીજા સ્થાને છે. વિરાટ કોહલીને એક સ્થાનનો ફાયદો મળ્યો છે અને તે પાંચમાંથી ચોથા સ્થાને પહોંચી ગયો છે. ન્યૂઝીલેન્ડનો ડેવોન કોનવે એક સ્થાનના નુકસાન સાથે પાંચમાં સ્થાને છે.

રોહિત શર્મા લેટેસ્ટ ટી૨૦ રેન્કિંગમાં ૨૧માં સ્થાને પહોંચી ગયો છે. તો શિખર ધવન ૩૦માં સ્થાને છે.

ટોપ-૩૦માં આ ચાર ભારતીય બેટ્સમેન છે. બોલરોની વાત કરીએ તો ટોપ-૧૦માં કોઈ ભારતીય બોલર સામેલ નથી. ટી૨૦માં ભારત તરફથી બેસ્ટ રેન્કિંગ ભુવનેશ્વર કુમારની છે, જે ૧૨માં સ્થાને છે.

ખેલાડી કેનિલ મેદવેદેવે US Openનો ખિતાબ જીત્યો

રશિયાના ટેનિસ ખેલાડી ડેનિલ મેદવેદેવે દુનિયાના નંબર વન ખેલાડી સર્બિયાના નોવાક જોકોવિચને સીધા સેટમાં ૬-૪, ૬-૪, ૬-૪ થી હરાવીને યુએસ ઓપનનો ખિતાબ જીતી લીધો છે. ડેનિલ મેદવેદેવે પોતાનો આ પહેલો ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીત્યો છે. આ હાર સાથે જ દુનિયાના નંબર વન ખેલાડી સર્બિયાના નોવાક જોકોવિચનું ૨૧મું ગ્રાન્ડ સ્લેમ જીતવાનું સપનું તૂટી ગયું. જો નોવાક જોકોવિચ યુએસ ઓપનનો ખિતાબ જીતી લેત તો તે પુરુષોમાં સૌથી વધુ સિંગલ્સનું ગ્રાન્ડ સ્લેમ જીતનારો પહેલો ખેલાડી બની જાત. પરંતુ રશિયાના ડેનિલ મેદવેદેવે જોકોવિચનું આ સપનું તોડી નાખ્યું. હાલ નોવાક જોકોવિચ, રોજર ફેડરર અને રાફેલ નડાલ સાથે ૨૦-૨૦ ગ્રાન્ડ સ્લેમ જીતીને જોઈન્ટ રીતે પહેલા સ્થાને છે. જોકોવિચે ત્રણ સેટ ગુમાવ્યા, જ્યારે ત્રીજીવાર ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પહોંચેલા ૨૫ વર્ષના મેદવેદેવે કરિયરનું પહેલું ગ્રાન્ડ સ્લેમ જીત્યું છે. આ વર્ષની શરૂઆતમાં તે ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં પણ પહોંચ્યો હતો. જ્યાં નોવાક જોકોવિચે તેને ખિતાબ જીતતા રોક્યો હતો. વર્ષના અંતિમ ગ્રાન્ડ સ્લેમમાં ડેનિલ મેદવેદેવે યુએસ ઓપનનો ખિતાબ જીતીને નોવાક જોકોવિચને ઈતિહાસ રચતા રોક્યો. મેદવેદેવે જોકોવિચને હરાવીને બદલો લઈ લીધો. જોકોવિચે આ અગાઉ આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન અને વિમ્બલડનનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. જો તે યુએસ ઓપન જીતી જાત તો એક વર્ષમાં ચારેય ગ્રાન્ડ સ્લેમ જીતનારો એટલે કે કેલેન્ડર સ્લેમ જીતનારો ખેલાડી બની જાત, હાલ પુરુષોમાં એક વર્ષમાં ચારેય ગ્રાન્ડ સ્લેમ ખિતાબ છેલ્લીવાર રોડ લેવરે જીત્યો હતો. લેવરે આ ઉપલબ્ધિ ૧૯૬૨ અને ૧૯૬૯માં મેળવી હતી. જ્યારે મહિલાઓમાં સ્ટેફી ગ્રાફે વર્ષ ૧૯૮૮માં આ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.

બિઝનેસનો વ્યાય વધારવા માટે શા માટે ઓટોમેશન અને ટેક્નોલોજી જરૂરી છે ?

ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનો એક મોટો ફાયદો એ છે કે આનાથી કોઈપણ કામમાં લાગનારો સમય ઓછો થઈ જાય છે.

ટેક્નોલોજી અને ઓટોમેશન અમારા જીવન થી એવી રીતે જોડાઈ ગયાં છે ક્યારેય આપણે આનાથી પડનારી અસરો વિશે નથી વિચારતાં મોબાઈલથી લઈને અમારી કાર, સુધી ; દરેક જ્યાએ ટેક્નોલોજી હાજર છે કારોબારનાં ક્ષેત્રમાં ઓટોમેશન, મશીન લર્નીંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ જેવા શબ્દ સામાન્ય થઈ ગયાં છે. વધારે પડતાં બિઝનેસ માટે જણાય છે કે ટેક્નોલોજી અને ઓટોમેશન ને અપનાવવી જરૂરી છે.

ત્યારે સવાલ એ થાય છે કે બિઝનેસને ફેલાવો પર ટેક્નોલોજી ની શી અસર થાય છે અને શું એને અપનાવવી સમઝદારી છે ? માની લો ક આપણે આપણા ફેસબુક પ્રોફાઈલ પર દોસ્તોની સાથે લીધેલાં ફોટો અપલોડ કરીએ છીએ જો આપનાં દોસ્તો વહેલેથી જ ફેસબુક પર છે તો સોશીયલ નેટવર્કીંગ સાઈટ મશીન લર્નીંગનો ઉપયોગ કરીને આપને આપના દોસ્તોના નામ બતાવે છે જેથી આપ તેમને ફોટાની સાથે ટેગ કરી શકો. આનાથી અપલોડીંગની પ્રકિયા આસાન, તેજ અને સામાન્ય થઈ જાય છે. ટેક્નોલોજી અને ઓટોમેશન આ પ્રકારની ભૂમિકા બિઢનેસ માં પણ નિભાવે છે.

સમયની બચત : (saving of times)

ટેક્નોલોજીનાં ઉપયોગ થી એક મોટો ફાયદો એ છે કે એનાથી કોઈપણ કામ કરવામાં લાગતો સમય ઘટી જાય છે મશીન વધારે મહેનત વગર ઓછા સમયમાં વધારે કામ કરી શકે છે કમ્યુટીંગ પાવર વધારવાથી જટીલ અને મોટામાં મોટું કામ થોડા સમયમાં થઈ જાય છે. કહેવાય છે કે પિરામિડને ૨૦ વર્ષમાં ૪૦૦૦ મજૂરોએ બનાવ્યાં હતા, પરંતુ ટેક્નોલોજીની મદદથી આવી ઈમારતો લગભગ ૫ વર્ષમાં જ બનાવી શકાય છે.

રેવેન્યુ અને પ્રોફીટ

(Revenue and Profit)

ગૂગલ અને કપી એમજી ના રીપોર્ટ મુજબ ડિજિટલ ટેક્નોલોજીની મદદથી ભારતીય એમએમબી પોતાનાં રેવન્યુમાં ખાસ્સો વધારો કરી શકે છે, આ રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વેબસાઈટ સોશ્યલ મિડીયા અને ઈ-કોમર્સ જેવી ડિજિટલ ટેક્નોલોજી એમ એમ બી ને બજારમાં પહોંચાડવામાં મદદરૂપ થઈ શકે છે, તે ગ્રાહકો સુધી પહોંચાડવામાં તેમની ક્ષમતા પણ વધારી શકે છે. કામકાજને ડિજિટલ બનાવવા વાળી એમ એમ બી બીજી એમ એમ બી ના મુકાબલામાં પોતાના રેવેન્યુને બમણો કરી ચૂકી છે.

ઉત્પાદકતા : (Productivity)

જો કે, ઓછા અને મર્યાદિત સમયમાં વધારે કામ પૂરા કરી શકાય છે. એટલા માટે ટેક્નોલોજી ને અપનાવવાથી ઉત્પાદકતા ઘણી વધી જાય છે. ટેક્નોલોજી ની મહેરબાની થી વ્યક્તિ બીજા મહત્ત્વનાં કામો પૂરા કરવા આઝાદ થઈ જાય છે. આનાથી વ્યક્તિના હૂનરનો વધારે સારો ઉપયોગ થાય છે. આનાથી કુલ ઉત્પાદકતા વધી જાય છે.

બિઝનેસ માટે આનો મતલબ એ છે કે કામ પૂરૂં કરવા માટે ઓછા લોકોની જરૂર પડશે.

ક્ષમતા : (Effective)

ટેક્નોલોજીની મહેરબાનીથી મશીનથી એવાં કામો થઈ શકે છે જેના માટે ઉચ્ચ કૌશલ અને સૂક્ષ્મતાની જરૂરત હોય છે. ટેક્નોલોજી અને ઓટોમેશન કોઈપણ બિઝનેશને તેની યોગ્યતા વધારવામાં મદદ કરી શક છે. મેન્યુફેક્ચરિંગ થી લઈને માર્કેટિંગ સુધી આનો ઉપયોગ થઈ શકે છે. એના ઉપયોગથી ભૂલ થવાની સંભાવના ઓછી થઈ જાય છે, જેનાથી બિઢનેસ નો વ્યાપ વધી જાય છે.

અંતદૃષ્ટિ : (Insight)

ટેક્નોલોજીથી બિઝનેસ અંગેની કેટલીય સૂક્ષ્મ વાતો ધ્યાન પર આવે છે. જાણકારીઓ અને આંકડાઓનાં ઉપયોગથી એવા પરિણામો કાઢી શકાય છે જેનાં ઉપયોગથી નફો નુકશાનનો ફેંસલો થઈ શકે છે. બીગ ડેટા જેવી ટેક્નોલોજી નિર્ણય લેવાની પ્રકિયામાં મહત્ત્વનો રોલ નિભાવે છે જેનાથી બિઝનેસની વૃધ્ધી પણ તેજ થઈ જાય છે.આનાં બીડા ઘણાં ફાયદા પણ છે, પરંતુ આગળ સવાલ અગત્યનો એ છે કે ટેક્નોલોજી અને ઓટોમેશન કોઈ બિઝનેસનાં કોઈ પાસા પર અસર કરે છે ? આનો જવાબ એ છે કે આજે બિજનેસનાં દરેક પાસાને ઓટોમેટેડ બનાવી શકાય છે આપણે એક વિત્તિય કંપનીનાં કામકાજનું ઉદાહરણ લઈ શકીએ છીએ. મૈજીક એન્ડ કું.નું એક આર્ટિકલ છે ; જેનું નામ બોટ્શ, અલ્ગોરિધ્મ અને ફયુચર ઓફ ફાઈનાન્સ ફંકશન છે, એમાં બતાવ્યું છે કે વિત્તીય કંપનીઓ કેટલાંક પ્રકારની ગતિવિધિઓને જામ આપે છે. જેનાં બુનિયાદી આંકડા એકત્રિત કરવાથી લઈને જટીલ નિર્ણયો સુધી શામેલ છે. એવામાં કેટલાંય નાનાં કામકાજમાં ઓટોમેશન દ્વારા પ્રદર્શનમાં સુધારો કરી શકાય છે. મેકિજી ગ્લોબલ ઈન્સ્ટિટ્યુટનાં ઓટોમેશન રિસર્ચનાં લેખકો ફેંક પ્લાસ્કે, ઈશાન શકે, અને સેલ વ્હાઈટમેન ન જણાયું છે કે ટેક્નોલોજીનાં ઉપયોગથી ૪૨ ટકા વિત્તીય ગતિવિધિઓનું સંપૂર્ણ રીતે ઓટોમેશન કરી શકાય છે વધારે પડતા વિત્તિય કંપનીઓ અને ૧૯ ટકા સુધી ઓટોમેશન કરતી હોય છે.

આવાં બિઝનેસ કેજે ટેક્નોલોજી અને ઓટોમેશન નો ઉપયોગ કરે છે તેમને પ્રથમ તો જે તે કામકાજ ની ઓળખ કરવી પડશે, જેનું ઓટોમેશન કરવાનું છે, તેમણે એ પણ જોવું પડશે કે આનાથી કઈ રીતનો બદલાવ આવી શકે છે. એકવાર આ ત્રણ ચીજાનો ખબર પડી જાય પછી જ બિઝનેસને ટેક્નોલોજી અને ઓટોમેશન ને અપનાવવામાં મોડું ના કરવું જોઈએ.

(લેખક વિશફિન ડોટ કોમનાં સીઈઓ છે)

૧) ગુગલ પહેલાં ગુગલ નહોતું :

કોઈપણ ચીજ સર્ચ કરવી હોય અથવા કોઈપણ જાણકારી લેવી હોય તો આપ શું કરો છો ? આપ તુરંત ગુગલનો ઉપયોગ કરો છો તો આ ગુગલ શબ્દ આપના દિમાગમાં હંમેશા છવાયેલો રહે છે, પરંતુ શું આપ જાણો છો કે ગુગલનું શરૂઆતનું નામ બેક રબ હતું ? બાદમાં તેનાં શોધકર્તા લૈરી પેજ અને સર જે બ્રાયન એ ગુગલ નામ કરી નાંખ્યું

૨) બી એમ ડબલ્યુ વિશે જાણો :

બી એમ ડબલ્યુ આજના સમયમાં એક કાર નિર્માતા કંપની છે. જો કે મોંધી કારો બનાવે છે. પોતાનાં શરૂઆતનાં સમયમાં તે ફાઈટર પ્લેનો અને અન્ય જાતનાં (લડાકૂવમાન) મિલિટ્રી જહાજ બનાવતી હતી. જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મની ખરાબ રીતે હારી ગયું તો એ બધીજ કંપનીઓ બંધ થઈ ગઈ, કે જે લડાકૂ વિમાનો બનાવતી હતી. પરંતુ બી એમ ડબલ્યુ એ પોતાની કંપની બંધ કરવાને બદલે એ જ કંપનીમાં મોટરસાઈકલ અને પછી થી કાર બનાવવાનું શરૂ કર્યું

૩) કહાની એપ્પલનાં લોકોની :

ઘણાંખરાં લોકો એપ્પલનાં મોંઘા ફોન ખરીદે છે પરંતુ કેટલાંક લોકો આ ફોનને ફક્ત એના લોકોને કારણે ખરીદે છે. તો આપ આવાં લોકોથી જોડાયેલા એમેજીંગ ફેકટ્સ ને જાણી લો કે એપ્પલનો લોગો શરૂઆતમાં કંઈક આવો દેખાતો હતો, અને આ લોગો એવાત ને દર્શાવે છે કે ન્યૂટન એક સફરજન ના ઝાડ નીચે બેઠા છે અને એક સફરજન એમની ઉપર પડવા વાળું છે.

યુવતીના આંસુઓની સાથે પત્થરના નાના ટુકડા ટપકે છે

ઉત્તર પ્રદેશના કન્નૌજમાં એક અજીબોગરીબ મેડિકલ કેસ સામે આવ્યો છે. એક યુવતીની ડાબી આંખમાંથી આંસુ સાથે પત્થરના નાના ટુકડા નીકળી રહ્યા છે. આવું બે મહિનાથી થઈ રહ્યું છે. યુવતીના પિતાએ આ મામલે ઘણા ડોક્ટરોને બતાવી ચૂક્યા છે પણ આ યુવતીની બીમારીનો ઈલાજ હજુ સુધી થઈ શક્યો નથી. ડોક્ટરો તેને બીમારી ન ગણાવી યુવતી દ્વારા પ્લાન્ટ કરેલી વાત બતાવી રહ્યા છે. આંખમાંથી પત્થરના નાના ટુકડા નીકળવાની આ અજીબ ઘટના કન્નોજના ગુરસહાયગંજ કોતવાલી ક્ષેત્રની છે. અહીં ગઢિયા વલીદાદપુર નામનું એક ગામ છે. અહીં રહેતી ૧૫ વર્ષીય ચાંદનીના પરિવારજનોનો દાવો છે કે તેની એક આંખમાંથી પત્થરના નાના ટુકડા નીકળે છે. ચાંદનીની આંખ લાલ રહે છે અને ઘણું દર્દ થાય છે. દીકરીની આ સમસ્યાથી માતા-પિતા પરેશાન છે. ચાંદનીના પિતા મુશ્તાકે જણાવ્યું હતું કે ૨૭ જુલાઈથી તેની પુત્રી સાથે આવું થઈ રહ્યું છે. ડાબી આંખમાંથી દરરોજ પત્થરના નાના ટુકડા નીકળે છે. મુશ્તાકે પોતાની ક્ષમતા પ્રમાણે દીકરીની આંખની તપાસ સીતાપુર, રુહેલખંડ, બરેલી સહિત ઘણા સ્થળો પર કરાવી છે પણ કોઈ લાભ થયો નથી. આ અજીબોગરીબ બીમારી જોઈને કન્નૌજના આંખના વિશેષજ્ઞ ડોક્ટરો પણ ચકિત છે. કન્નૌજના આંખના રોગના વિશેષજ્ઞ ડો. એપી સિંહનું કહેવું છે કે મેડિકલ સાયન્સમાં અત્યાર સુધી આવો કેસ સામે આવ્યો નથી. તે આ કોઈ બીમારી નહીં પણ યુવતી દ્વારા પ્લાન કરેલ નાટક હોઈ શકે છે. બાળકના જન્મ બાદ ૫ વર્ષ સુધી તેની ખૂબ જ કાળજી લેવી પડતી હોય છે. એમાં પણ પહેલું વર્ષ બાળક માટે ખૂબ સંવેદનશીલ હોય છે. શરદી, તાવ અને ડાયરીયા જેવી તકલીફો અવારનવાર ઉભી થઈ શકે છે. આવી સ્થિતિમાં માતા ઘણી વખત ગભરાઈ જતી હોય છે. બાળક રડે એટલે તુરંત તબીબ પાસે દોડી જાય છે. બાળકનું રડવું સામાન્ય બાબત છે. પરંતુ બાળક ૬ મહિના સુધી ન રડે તો માતાની કેવી હાલત થાય? આવી જ હાલત કેનેડાના **Chatham-Kent**માં રહેતી લ્યુસિન્ડા એન્ડર્યુઝની થઈ છે. તેનું બાળક રડી શકતું નથી. જ્યારથી તેનો જન્મ થયો છે, ત્યારથી તેણે પોતાના બાળકના રડવાનો અવાજ સાંભળ્યો નથી!

આંખમાંથી પત્થરના નાના ટુકડા નીકળવાની આ અજીબ ઘટના કન્નોજના ગુરસહાયગંજ કોતવાલી ક્ષેત્રની છે

શું વ્હાઈટ હાઉસમાં અબ્રાહમ લિંકનની આત્મા ભટકે છે?

દુનિયાના શક્તિશાળી દેશ અમેરિકાના રાષ્ટ્રપતિ વ્હાઈટ હાઉસમાં રહે છે. વ્હાઈટ હાઉસમાં અનેક સૈન્યકર્મીઓ અને પોલીસ તૈનાત રહે છે. વ્હાઈટ હાઉસની કેટલીક એવી કહાનીઓ છે, જેના પર વિશ્વાસ કરવો ખૂબ જ અશક્ય છે. શું તમને ખબર છે કે વ્હાઈટ હાઉસમાં ભૂત પણ રહે છે. આ વાત જાણીને ખૂબ જ આશ્ચર્ય થઈ શકે છે, પરંતુ અનેક લોકોએ દાવો કર્યો છે કે રાષ્ટ્રપતિની સાથે સાથે પ્રેતાત્મા પણ રહે છે. ૧૩ ઓક્ટોબર ૧૭૯૨માં વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. ૧ નવેમ્બર ૧૮૦૦ના રોજ વ્હાઈટ હાઉસ બનીને તૈયાર થઈ ગયું હતું. વ્હાઈટ હાઉસમાં રહેનાર પહેલા રાષ્ટ્રપતિનું નામ જહોન એડમ્સ હતું. ત્યારથી લઈને આજ સુધી અમેરિકાના રાષ્ટ્રપતિ વ્હાઈટ હાઉસમાં રહે છે. અનેક લોકોએ દાવો કર્યો છે કે, વ્હાઈટ હાઉસમાં પ્રેતાત્મા રહે છે. અહીં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનની આત્મા દેખાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઘટનાની અનેક રહસ્યમયી બાબતો અહીં રજૂ કરવામાં આવી છે. વર્ષ ૧૮૬૫માં વ્હાઈટ હાઉસમાં પૂર્વ રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. સૌપ્રથમ અમેરિકાના ૩૦મા રાષ્ટ્રપતિ કેલ્વિન કુલિઝની પત્ની ગ્રેસ કુલિઝે અબ્રાહમ લિંકનની આત્મા જોઈ હોવાનો દાવો કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે, તેમને ઓવલ ઓફિસની બારી પાસે અબ્રાહમ લિંકન દેખાયા હતા. અનેક વાર તેમને અબ્રાહમ લિંકનની આત્મા તેમની પાસે હોવાનો અનુભવ થયો હતો. આ ઘટના બાદ તે ખૂબ જ ડરી ગઈ હતી. ત્યાર બાદ અનેક લોકોએ તેમનો પડછાયો જોવાનો દાવો કર્યો છે. ઘણા સમય પહેલા વ્હાઈટ હાઉસમાં નેધરલેન્ડની મહારાણી વ્હિલમિના આવીને રોકાઈ હતી. તેમણે જણાવ્યું હતું કે, રાત્રે કોઈએ તેમનો દરવજો ખખડાવ્યો હતો. ત્યાર બાદ તેમણે દરવાજો ખોલતા તેમની સામે અબ્રાહમ લિંકન ઊભા હતા. ત્યારે તે ખૂબ જ ડરી ગઈ હતી. ઈંગ્લેન્ડના પૂર્વ પ્રધાનમંત્રીએ પણ આ બાબતનો દાવો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, જ્યારે તેઓ વ્હાઈટ હાઉસમાં રોકાયા તે સમયે તેઓ નાહીને બહાર નીકળ્યા તો તેમણે જોયું કે, સગડી પેટાવેલ હતી અને ખુરશી પર અબ્રાહમ લિંકન બેઠા હતા. અનેક લોકોએ દાવો કર્યો છે કે, પ્રેસિડેન્ટ હાઉસમાં અન્ય રાષ્ટ્રપતિઓની આત્મા ભટકે છે.

આ વાત જાણીને આશ્ચર્ય થઈ શકે છે, પરંતુ અનેક લોકોએ દાવો કર્યો છે કે રાષ્ટ્રપતિની સાથે સાથે પ્રેતાત્મા રહે છે

ડિજિટલ હેલ્થ મિશન

યુનિક આઈડી કાર્ડ આપવામાં આવશે

વડાપ્રધાને મિશનની શરૂઆત કરી, ડોક્ટર કાર્ડ જોઈને જ જાણકારી મેળવી લેશે કે જે-તે વ્યક્તિને પહેલા કઈ બીમારી હતી, કેવી સારવાર લેવામાં આવી છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજિટલ હેલ્થ મિશનની શરુઆત કરી. આ મિશન અંતર્ગત દેશના તમામ લોકોને એક યુનીક આઈડી કાર્ડ આપવામાં આવશે, જેમાં તેમના સ્વાસ્થ્યને લગતી તમામ જાણકારી હશે. આનો સૌથી મોટો ફાયદો થશે કે જો તમે દેશના કોઈ પણ ખૂણામાં સારવાર માટે જશો તો તમારે કોઈ રિપોર્ટ અથવા પ્રિસ્ક્રિપ્શન વગેરે સાથે લઈ જવાની જરુર નથી. ડોક્ટર તમારું કાર્ડ જોઈને જ જાણકારી મેળવી લેશે કે તમને પહેલા કઈ બીમારી હતી તેમજ ક્યાં અને કેવી સારવાર લેવામાં આવી છે. પહેલા આ મિશનનું નામ નેશનલ ડિજિટલ હેલ્થ મિશન હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫મી ઓગસ્ટ ૨૦૨૦ના રોજ લાલ કિલ્લાથી આ યોજનાની જાહેરાત કરી હતી. અત્યારે આ યોજના અંદમાન-નિકોબાર, ચંદીગઢ, દાદર નગર હવેલી, દમણ-દીવ,લદ્દાખ અને લક્ષદ્વીપમાં ચાલી રહી હતી. હવે આ યોજનાને આખા દેશમાં લાગુ કરવામાં આવશે. આ મિશનનો હેતુ છે કે દરેક વ્યક્તિની હેલ્થકેર સર્વિસ આપનારી સંસ્થાઓ સુધી પહોંચ સરળ બની જાય.

આ મિશનને લોન્ચ કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, પાછલા સાત વર્ષમાં દેશની સ્વાસ્થ્ય સુવિધાઓને મજબૂત કરવા માટે જે અભિયાન ચાલી રહ્યું છે તે હવે નવા ચરણમાં પ્રવેશ કરવા જઈ રહ્યું છે. આજે એક એવા મિશનની શરુઆત થઈ રહી છે, જેમાં ભારતની સ્વાસ્થ્ય સુવિધાઓમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાની ક્ષમતા છે. આજે દેશમાં ૧૩૦ કરોડ આધાર નંબર, ૧૧૮ કરોડ મોબાઈલ સબ્સક્રાઈબર્સ, લગભગ ૮૦ કરોડ ઈન્ટરનેટ યુઝર અને લગભગ ૪૩ કરોડ જનધન બેંક ખાતા છે. આટલું મોટું કનેક્ટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દુનિયામાં ક્યાંય નથી. આ ડિજિટલ માળખું રેશનિંગથી લઈને પ્રશાસન સુધી પારદર્શિતા સાથે સામાન્ય ભારતીયો સુધી પહોંચી રહ્યું છે.

કોરોનાકાળમાં ટેલિમેડિસિનનો પણ અભૂતપૂર્વ વિસ્તાર થયો છે. ઈ-સંજીવનીના માધ્યમથી અત્યાર સુધી લગભગ સવા કરોડ રિમોટ કન્સલ્ટેશન પૂરા થઈ ચૂક્યા છે. આ સુવિધાની મદદથી દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો પણ ઘરે બેઠા બેઠા શહેરની મોટી હોસ્પિટલોના ડોક્ટર સાથે સંપર્ક સાધી શકે છે. આયુષ્માન ભારતે ગરીબ માણસના જીવનની મોટી ચિંતા દૂર કરી છે. અત્યાર સુધી બે કરોડથી વધારે દેશવાસીઓએ આ યોજના અંતર્ગત વિનામૂલ્યે સારવારની સુવિધાનો લાભ લીધો છે. તેમાંથી અડધા લાભાર્થી આપણી માતાઓ, બહેનો, દીકરીઓ છે.

પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત એક યુનિક ડિજિટલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે, જે એક પ્રકારનું ઓળખ પત્ર હશે. તે આધાર સમાન હશે, જેનો ૧૪ અંકોનો એક નંબર જનરેટ કરવામાં આવશે. આ નંબરની મદદથી દર્દીની અંગત મેડિકલ હિસ્ટ્રી જાણી શકાશે. આ કાર્ડ આધારના માધ્યમથી પણ બનાવી શકાશે અને મોબાઈલ નંબરની મદદથી પણ બનાવી શકાશે. દેશના કોઈ પણ ખૂણામાં તમે સારવાર માટે જશો તો તમારે રિપોર્ટ અથવા પ્રિસ્ક્રિપ્શન વગેરે લઈ જવાની જરુર નહીં પડે. કારણકે તમામ માહિતી હેલ્થ કાર્ડમાં હશે.

દરેક દર્દીનો મેડિકલ ડેટા રાખવા માટે હોસ્પિટલ, ક્લીનિક અને ડોક્ટર્સને એક સેન્ટ્રલ સર્વર સાથે લિંક કરવામાં આવશે. એટલે કે હોસ્પિટલ, ક્લીનિક અને ડોક્ટર પણ રજિસ્ટર હશે. જો કે સરકાર અત્યારે તેને કોઈના માટે ફરજિયાત નહીં કરે. પરંતુ પ્રયત્ન કરવામાં આવશે કે ધીરે ધીરે તમામ લોકો આ સિસ્ટમ સાથે જોડાઈ જાય.

ચોકલેટ

અનેક રીતે ઉપયોગી

દર સપ્તાહમાં ચોકલેટ ખાનાર મહિલાઓ માટે ખુબ સારા સમાચાર છે. તાજેતરમાં જ કરવામાં આવેલાં એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, દર સપ્તાહમાં ચોકલેટ ખાનાર મહિલાઓમાં સ્ટ્રોકનો ખતરો ૨૦ ટકા સુધી ઘટી જાય છે. ૩૩,૦૦૦ સ્વીડીશ મહિલાઓને આવરી લઈને કરવામાં આવેલાં અભ્યાસનાં આધાર ઉપર આ તારણો આપવામાં આવ્યા છે. આ સ્વીડીશ મહિલાઓ મોટા પ્રમાણમાં ચોકલેટ ખાઈ રહી હતી પરંતુ નવા અભ્યાસનાં તારણો સપાટી પર આવ્યા બાદ ચોકલેટને લઈને યુવતીઓ અને મહિલાઓનો ક્રેઝ વધે તેવી શક્યતા છે. અમેરિકન કોલેજ ઓફ કાર્ડિયોલોજીના જનરલમાં પ્રકાશિત થયેલાં અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, દર સપ્તાહમાં ૬૬ ગ્રામની આસપાસ ચોકલેટ ખાઈ જનાર લોકોમાં સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો આશરે ૨૦ ટકા સુધી ઘટી જાય છે જ્યારે સપ્તાહમાં ૮ ગ્રામ અથવા તો તેનાથી ઓછા પ્રમાણમાં ચોકલેટ ખાનાર લોકોમાં સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો વધી જાય છે. આ અભ્યાસનાં તારણો અગાઉનાં એવા તારણોને પ્રોત્સાહન આપે છે જે તારણમાં જણાવવામાં આવ્યું હતું કે, ચોકલેટ અને કોકો ખાવાથી ફાયદો થાય છે. આ વર્ષની શરૂઆતમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીઓનાં નિષ્ણાતોએ શોધી કાઢ્યું હતું કે, ચોકલેટ નિયમિત રીતે ખાનાર લોકોમાં હાર્ટ એટેકનો ખતરો ત્રણ ગણો ઘટી જાય છે જ્યારે અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું કે, આરોગ્ય માટે કસરતની જેમ જ ચોકલેટ પણ ઉપયોગી છે. સ્ટૉકહોમમાં કેરોલિનકા ઈન્સ્ટીટ્યુટમાં વૈજ્ઞાનિકોએ આશરે ૩૩૩૭૨ મહિલાઓને તેમની ખાવા-પીવાની ટેવ અંગે પ્રશ્નો કરવામાં આવ્યા હતાં. આમાં ૧૬૦૦૦ જેટલી સ્ટ્રોકનો સામનો કરી ચૂકેલી મહિલાઓ પણ હતી. અભ્યાસના તારણોને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ચોકલેટ સ્ટ્રોક સામે મદદ કરવામાં અસરકારક છે. બ્લડપ્રેશરને ઘટાડે છે, તે જોખમી પરિબળોમાં પણ ઘટાડો કરે છે.

ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં ૧૦ કેબિનેટ સહિત ૨૪ મંત્રી સામેલ

દક્ષિણ ગુજરાતનો દબદબો, કચ્છની બાદબાકી, નવા મંત્રીમંડળમાં નો રિપીટ થિયરી લાગુ કરતા વિજય રુપાણીના એકેય મંત્રીને સ્થાન નથી અપાયું

વિરોધ, વિવાદ અને નારાજગીના સમાચારો વચ્ચે આખરે ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંત્રીમંડળે આજે શપથ ગ્રહણ કરી લીધા છે. રાજભવનમાં આજે બપોરે દોઢ વાગ્યે યોજાયેલી શપથવિધિમાં કુલ ૨૪ મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા હતા, જેમાંથી ૧૦ મંત્રીઓને કેબિનેટ કક્ષાનો દરજ્જો આપવામાં આવ્યો છે, જ્યારે પાંચ રાજ્યકક્ષાના મંત્રીઓને સ્વતંત્ર હવાલો આપવામાં આવ્યો છે. રાજ્યકક્ષાના મંત્રી તરીકે કુલ નવ ધારાસભ્યોએ શપથ લીધા છે. નવી સરકારમાં પૂર્વ સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદી નંબર ટૂ જ્યારે જીતુ વાઘાણી નંબર ૩ રહેશે. નવા મંત્રીમંડળમાં દક્ષિણ ગુજરાતનો દબદબો જોવા મળી રહ્યો છે, જ્યારે કચ્છની બાદબાકી કરવામાં આવી છે. નવા મંત્રીમંડળમાં નો રિપીટ થિયરી લાગુ કરતા રુપાણીના એકેય મંત્રીને સ્થાન નથી અપાયું.

કેબિનેટ મંત્રી તરીકે શપથ લેનારા મંત્રીઓ : ૧. રાજેન્દ્ર ત્રિવેદી ૨. જીતુ વાઘાણી ૩. ઋષિકેશ પટેલ ૪. પૂર્ણેશ મોદી ૫. રાઘવજી પટેલ ૬. કનુ દેસાઈ ૭. કિરીટસિંહ રાણા ૮. નરેશ પટેલ ૯. પ્રદીપ પરમાર ૧૦. અર્જુનસિંહ ચૌહાણ

રાજ્યકક્ષા, સ્વતંત્ર હવાલો - ૧૧.હર્ષ સંઘવી ૧૨. જગદીશ પંચાલ ૧૩. બ્રિજેશ મેરજા ૧૪. જીતુ ચૌધરી ૧૫. મનીષા વકીલ

રાજ્યકક્ષાના મંત્રીઓ : ૧૬. મુકેશ પટેલ ૧૭. નિમિષા સુથાર ૧૮. અરવિંદ રૈયાણી ૧૯. કુબેર ડિંડોર ૨૦. કિર્તીસિંહ વાઘેલા ૨૧. ગજેન્દ્રસિંહ પરમાર ૨૨. રાઘવજી મકવાણા ૨૩. વિનોદ મોરડિયા ૨૪. દેવા માલમ



આજે શપથગ્રહણ સમારંભમાં પૂર્વ સીએમ વિજય રુપાણી તેમજ પૂર્વ ડે. સીએમ નીતિન પટેલ પણ મંચ પર જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, નીતિન પટેલ નારાજ છે, અને કોઈના સંપર્કમાં નથી તેવી અટકળો વચ્ચે તેમણે શપથગ્રહણ સમારંભમાં દેખા દેતા ઘણા લોકોને આશ્ચર્ય થયું હતું. આમ તો શપથવિધિ ગઈકાલે સાંજે ચાર વાગ્યે થવાની હતી. પરંતુ તમામ જૂના મંત્રીઓને પડતા મૂકવાના હોવાની વાત વહેતી થતાં ભાજપમાં અસંતોષ ફેલાયો હતો. કેટલાક પૂર્વ મંત્રીઓએ પૂર્વ સીએમ રુપાણી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સાથે મુલાકાત કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. તેવામાં રાજભવનમાં તમામ તૈયારી થઈ ગયા બાદ અચાનક શપથવિધિનો કાર્યક્રમ પડતો મૂકવામાં આવ્યો હતો.

ગુજરાતના રાજકીય ઈતિહાસમાં પહેલીવાર એક જ પક્ષની સરકારમાં કોઈપણ ભૂતપૂર્વ મંત્રીને નવી કેબિનેટમાં જગ્યા આપવામાં નથી આવી. ચૂંટણીના સવા વર્ષ પહેલા થયેલા મોટા ફેરબદલમાં માત્ર સીએમ જ નથી બદલાયા, પરંતુ આખેઆખા મંત્રીમંડળને બદલી નાખવામાં આવતા અનેક તર્કવિતર્ક વહેતા થયા છે. જૂના મંત્રીમંડળમાં કોંગ્રેસમાંથી આવેલા તમામ લોકોના પત્તાં કપાયા છે. જોકે, કોંગ્રેસમાંથી આવેલા કેટલાક નવા ચહેરાને નવા મંત્રીમંડળમાં સ્થાન પણ આપવામાં આવ્યું છે.

જે ધારાસભ્યો મંત્રીપદે શપથ લેવાના છે તે તમામને ફોન કરીને જાણકારી આપી દેવામાં આવી હતી. એક તરફ રુપાણી સરકારમાં ફરજ બજાવી ચૂકેલા મંત્રીઓના પત્તાં કપાતાં ત્યાં નારાજગી જોવા મળી રહી છે, તો બીજી તરફ જેઓ મંત્રી બનવાના છે તેમના પરિવારજનો અને સમર્થકોમાં જોરદાર ખુશીનું મોજું ફરી વળ્યું છે. શપથવિધિ પૂર્ણ થયા બાદ કમલમમાં પણ ઉજવણીની તમામ તૈયારીઓ પૂરી કરી દેવાઈ છે. ફટાકડાં અને મીઠાઈનો જથ્થો પણ પહોંચાડી દેવાયો છે. નવા મંત્રીઓનું કમલમમાં સ્વાગત કરવામાં આવશે. સોમવારે સીએમ પદના શપથ લેનારા ભૂપેન્દ્ર પટેલની ટીમના આજે શપથગ્રહણ. રાજભવનમાં શપથ ગ્રહણનો કાર્યક્રમ યોજવામાં આવશે. ભૂપેન્દ્ર પટેલના પુરોગામી વિજય રુપાણીના મંત્રીમંડળમાં રહેલા એકેય મંત્રીને ભૂપેન્દ્ર પટેલની ટીમમાં ના લેવાયા. તમામ નવા ચહેરા સાથે આજે નવું મંત્રીમંડળ શપથ ગ્રહણ કરશે. પોતાનું પત્તું કપાતાં ભાજપના ઘણા પૂર્વ મંત્રીઓ નારાજ હતા, જોકે મોટાભાગના મંત્રીઓને મનાવી લેવાયા છે. પરંતુ ક્યાંક-ક્યાંક નારાજગી પણ જોવા મળી રહી છે.

ઓલાએ બે દિ'માં ૧૧૦૦ કરોડનાં ઈ-સ્કૂટર વેચ્યા

કોરોના વાયરસની મહામારીમાં ઘણાં લોકોની આવકમાં ઘટાડો થયો છે. પણ, ઓલા (ઓલા)ના ઈલેક્ટ્રિક સ્કૂટર ઓલા એસ૧ના વેચાણનો આંકડો જાણીને તમને આશ્ચર્ય થશે. કારણકે, ઓલાએ માત્ર ૨ દિવસમાં ૧,૧૦૦ કરોડ રૂપિયાથી વધુના ઈ-સ્કૂટર વેચ્યા છે. ઓલા કંપનીએ કહ્યું કે તેમણે દર સેકન્ડે ૪ ઈ-સ્કૂટરનું વેચાણ કર્યું છે. પરંતુ, હાલ તેમણે પોતાના ઈ-સ્કૂટરનું વેચાણ રોકી દીધું છે. હવે દિવાળીના સમયે ૧ નવેમ્બરથી ફરી ઈ-સ્કૂટરનું વેચાણ શરૂ કરવામાં આવશે. ઓલા ઈલેક્ટ્રિકે ગત બુધવારે પોતાના ઈલેક્ટ્રિક સ્કૂટરનું વેચાણ શરૂ કર્યું હતું. ત્યારે ઓલાએ તેના ઈ-સ્કૂટરના ૨ વર્ઝન- ઓલા એસ૧ અને ઓલા એસ૧ પ્રોનું વેચાણ શરૂ કર્યું હતું. કંપનીએ પ્રથમ દિવસે ૬૦૦ કરોડ રૂપિયાના ઈ-સ્કૂટર વેચ્યા જ્યારે બંને દિવસોમાં ૧૧૦૦ કરોડ રૂપિયાથી વધુના ઈ-સ્કૂટરનું વેચાણ કર્યું છે.

ઓલાના કો-ફાઉન્ડર ભાવિશ અગ્રવાલે એક ટ્વિટમાં જણાવ્યું કે '૨ દિવસમાં વેચાણ ૧,૧૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી ગયું. હવે ખરીદી વિન્ડો તારીખ ૧ નવેમ્બરથી ફરીથી શરૂ થશે. ગ્રાહકોએ ઈ-સ્કૂટર માટેનો જે ઉત્સાહ દર્શાવ્યો હતો તે ચોક્કસપણે જોવા મળ્યો. આ ભારતીય ઈ-કોમર્સમાં એકલા ઉત્પાદન માટે એક દિવસમાં (મૂલ્યના હિસાબે) સૌથી વધારે વેચાણનો ઈતિહાસ! આપણે ખરેખરમાં એક ડિજિટલ ભારતમાં રહીએ છીએ.

કંપનીએ એવો ખુલાસો નથી કર્યો કે અત્યાર સુધીમાં કેટલા ઓર્ડર મળ્યા છે. તેમણે માત્ર એવું જણાવ્યું કે આ ઈ-સ્કૂટરનો સપ્લાય ઓક્ટોબર ૨૦૨૧થી શરૂ થશે. ખરીદદારોને ખરીદીના ૭૨ કલાકની અંદર અનુમાનિત ડિલિવરી તારીખ વિશે જણાવવામાં આવશે. કેટલાક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, તેની કિંમત ૮૫,૦૦૦ રુપિયા હોઈ શકે છે.

ફીચર્સ અને સ્પેસિફિકેશન્સ: આ ઈલેક્ટ્રિક સ્કૂટર સિંગલ ચાર્જ પર ૧૫૦ કિમી સુધી ચાલી શકે છે. તેની ટોપ સ્પીડ ૯૦ કેએમપીએચ હશે. આ ઈલેક્ટ્રિક સ્કૂટર હોમ ચાર્જર સાથે આવશે. ગ્રાહકો રેગ્યુલર વોલ સોકેટથી આ સ્કૂટર ચાર્જ કરી શકશે, સ્કૂટરમાં મોટી બુટ સ્પેસ પણ મળશે. વીડિયો ટીઝરમાં બે હેલ્મેટ જેટલી બુટ સ્પેસમાં આપવામાં આવી છે એવું બતાવવામાં આવ્યું છે. સામાન્ય રીતે સ્કૂટરના બુટ સ્પેસમાં માત્ર એક હેલ્મેટની જ મંજૂરી છે, આ ફાસ્ટ ચાર્જર ૧૮ મિનિટમાં ૫૦% ચાર્જ થઈ જશે. તેમાં ૭૫ કિમીની રેન્જ મળશે. આ સાથે, આ ઈલેક્ટ્રિક સ્કૂટરમાં સ્માર્ટફોન કનેક્ટિવિટીની સુવિધા પણ ઉપલબ્ધ થશે.

અમદાવાદમાં લગાવાયેલા ૪૦૦૦ કેમેરા વોચ રાખશે

ચોર, લૂંટારા અને આતંકીઓનું સોફ્ટ હંમેશાથી અમદાવાદ રહ્યું છે. આખા દિવસ દરમિયાન અમદાવાદના અલગ અલગ ખૂણેના ગુનેગારો કોઈને કોઈ ગુનાને અંજામ આપતા હોય છે. ગુનેગારો ફરાર થવામાં પણ સફળ રહેતા હોય છે. ત્યારે હવે અમદાવાદના ખૂણે ખૂણા પર અમદાવાદ શહેર પર પોલીસની ત્રીજી આંખ સતત એલર્ટ મોડમાં રહે છે. અમદાવાદ દિવસેને દિવસે વિકાસમાં હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે ચોર, લૂંટારા, આતંકીઓ, અસામાજિક તત્વો પોતાના નાપાક મનસૂબા પૂરા કરવા માટે અમદાવાદીઓને નુકસાન પહોંચાડવા પ્રયાસ કરતા હોય છે. ત્યારે અમદાવાદ કોમ્યુનિલ રાયોટ્સ પણ ભૂતકાળમાં જોઈ ચૂક્યું છે, ત્યારે અમદાવાદ શહેર પોલીસ ગુનેગારોની કોઈ પણ ગતિવિધિ પર નજર રાખવાનું મન મક્કમ કર્યું છે. ભૂતકાળ અને અત્યાર સુધીમાં અમદાવાદીઓ કોઈ પણ ગુનામાં સ્વજનો કે પોતાનો કિંમતી માલ સમાન ગુમાવવાનો વારો આવ્યો છે, ત્યારે આવી તમામ ઘટનાને હવે અમદાવાદ શહેર પોલીસ પહેલેથી રોકી શકશે અથવા ઘટના ઘટયા બાદ ગુનેગારોને સીસીટીવી કેમેરાના આધારે તાત્કાલિક પકડી લેશે. અમદાવાદ શહેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અત્યાર સુધી ૧૪૦૦ કેમેરા સક્રિય હતા. અલગ અલગ જગ્યાએ ત્યારે હવે અમદાવાદ શહેર તેમજ અમદાવાદના પ્રવેશ કરવા અને બહાર નીકળવાના રસ્તા સહિતની જગ્યાઓ પર ૨૮૦૦ કેમેરા બીજા લગાડવામાં આવશે. એટલે કે કુલ ૪ હજાર સીસીટીવી કેમેરા અમદાવાદમાં લગાવાશે. જે ગુનેગારો પર બાજ નજર રાખશે. આ વિશે અમદાવાદ શહેર પોલીસના સેક્ટર-૨ જેસીપી ગૌતમ પરમારે જણાવ્યું કે, અમદાવાદ શહેર પોલીસની ત્રીજી આંખ તૈયાર થઈ રહી છે. આ ત્રીજી આંખ એટલે કે સીસીટીવી કેમેરા લગાડવા માટે અમદાવાદ શહેર પોલીસે પ્રોજેક્ટ હાથ ધર્યો છે. જેમાં અમદાવાદના અલગ અલગ ૧૪૦૦ પોઈન્ટ નક્કી કરવામાં આવ્યા છે, જે પોઈન્ટમાં જાહેર રોડ, જાહેર જગ્યા, નામચીન ખરીદીની બજારો, આંગડિયા બજાર, ગાર્ડન, ભીડભાડવાળી જગ્યા, મંદિરો, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન અને અમદાવાદના મુખ્ય ચાર રસ્તા સહિત અમદાવાદમાં પ્રવેશ કરવાના માર્ગ અને અમદાવાદમાંથી બહાર નીકળવાના માર્ગ પર આ ખાસ ટેકનોલોજીવાળા કેમેરા નજર રાખશે. અમદાવાદ શહેરમાં સીસીટીવી લગાડવા માટે એક સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી છે. જેમાં શહેર પોલીસના ૧૦ પીએસઆઈને પસંદ કરવામાં આવ્યા છે. આ ટીમ હાલ શહેરમાં ક્યાં ક્યાં સીસીટીવી લગાવવા પર સરવે કરી રહી છે. આ કેમેરાની ખાસિયતોની જો વાત કરવામાં આવે તો, અલગ અલગ ચાર પ્રકારના સીસીટીવી લગાડવામાં આવશે, જેમાં ફિક્સ કેમરા, આરએલવીડી રેડલાઈટ વાયોલેશ ડિટેક્શન કેચ કેમેરા, એએનપીઆર ઓટોમેટિક નંબર પ્લેટ રેકેગઝેશબ કેમેરા, પીટીઆઈ કેમેરા જે ૩૬૦ ડિગ્રી મુવમેન્ટ આપે છે. આ કેમેરાનું મોનિટરિંગ શહેર પોલીસના ઝોન ડીસીપી અને કન્ટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવશે.

એર એક્સપર્ટ હોવાની સાથે સાથે 'મેડ ઈન ઈન્ડિયા' એસીને પ્રોત્સાહન

જહોનસન કન્ટ્રોલ્સ હિતાચી એર કન્ડિશનીંગ ઈન્ડિયા, ભારતની સૌથી વધુ સેલિંગ કરતી કંપનીમાંથી એક એરકન્ડિશનર બ્રાન્ડ હિતાચી ફ્લીંગ એન્ડ હીટિંગના ઉત્પાદકએ આજે ગુજરાતમાં પ્રોમીસિંગ રેસિડેન્શિયલ અને કોમર્શિયલ એર કન્ડિશનીંગ માર્કેટને પકડવા માટે તેની આક્રમક વિસ્તરણ યોજનાઓની જાહેરાત કરી છે. એર એક્સપર્ટ હોવાને કારણે હિતાચીએ બ્રાન્ડ શોપ્સને દેશભરના મુખ્ય બજારોમાં લઈ જઈને વધતા જતા લાઈટ કોમર્શિયલ એર કન્ડિશનીંગ સેગમેનટ માટે નવા બેંચમાર્ક સેટ કરવાની યોજના બનાવી છે. કંપની આગામી ત્રણ વર્ષમાં વર્તમાન ૧૨૦ ડીલરોની સંખ્યા ૨૫૦ પર લઈ જઈને ગુજરાતમાં તેની ચેનલ ભાગીદારની સંખ્યાને બમણી કરી રહી છે. કંપની મેડ ઈન ઈન્ડિયા એસીને પ્રોત્સાહન આપવા અને આગળ વધારવા માટે એક વિશાળ સ્થાનિકીકરણ ડ્રાઈવ અને પ્રયત્નો પર પણ છે. કંપનીએ તાજેતરમાં તેની ઘટક આયાતને લગભગ અડધા સુધી ઘટાડવાની અને આગામી ત્રણ વર્ષમાં નિકાસ ત્રણ ગણી કરવાની જાહેરાત કરી છે. અમદાવાદમાં હિતાચી બ્રાન્ડ શોપ અને હિતાચી સ્ટુડિયોનું ઉદઘાટન, જોહનસન કંટ્રોલ્સ હિતાચી એર કન્ડિશનીંગ ઈન્ડિયા લિમિટેડના ચેરમેન અને એમડી ગુરમીતસિંહે કર્યું હતું.

રેલવેનું જનરલ કોચ માટે બાયોમેટ્રિક ટોકન મશીન લોન્ચ

જનરલ કોચમાં મુસાફરી કરવા માટે ઉમટનારી ભીડને જોતા રેલવેએ બાયોમેટ્રિક ટોકન મશીન લોન્ચ કર્યું છે. આ મશીનના આવવાથી હવે જનરલ કોચમાં પણ આરક્ષણની સુવિધા હશે. આ પહેલો પ્રયોગ છે. હાલ આ મશીન હજુ માત્ર સાઉથ સેન્ટ્રલ રેલવેના સિકંદરાબાદ સ્ટેશન પર લગાવાઈ છે. મુસાફરને યાત્રા કર્યા પહેલા આ બાયોમેટ્રિક મશીનના માધ્યમથી ટિકિટ લેવી પડશે. આ માટે આપને પોતાની સફરની જાણકારી આપતા મશીન પર અંગૂઠો લગાવવાનુ હશે. જે બાદ મશીન આપની જાણકારી પ્રાપ્ત કરીને ટોકન જનરેટ કરી દેશે. જેમાં ડબ્બા નંબર અને સીરિયલ નંબર અંકિત હશે. બાયોમેટ્રિક ટોકન સિસ્ટમની મદદથી રેલવે યાત્રા માટે ઉમટવાવાળી ભીડને ઓછુ કરવા ઈચ્છે છે. હવે સામાન્ય ડબ્બામાં તે યાત્રી ચઢી શકશે જેની પાસે ટોકન હશે. સાથે જ તેમને પોતાની બેઠક અને કોચની જાણકારી આપશે તો ધક્કા-મુક્કીની સ્થિતિમાં પણ અછત આવશે. કોરોના દરમિયાન સ્ટેશનો પર ઉમટવાવાળી ભીડના કારણે ટ્રેનોનુ પરિચાલન બંધ કરી દીધુ હતુ પરંતુ હવે ઓછા થતા કેસની વચ્ચે કેટલાક ટ્રેનોનું સંચાલન ફરી શરૂ કર્યું. એવામાં કોરોનાની ત્રીજી લહેરનુ જોખમ ઉભુ થયુ છે. આ સ્થિતિમાં રેલવેનુ આ પગલુ ભીડને નિયંત્રિત કરીને, કોરોનાના જોખમને પણ ઓછુ કરી શકે છે. બાયોમેટ્રિક ટોકન મશીનના સહારે રેલવે અપરાધીઓ પર પણ નકેલ કસવામાં આવશે. ટોકન સિસ્ટમ લાગુ થયા બાદ રેલવેની પાસે દરેક યાત્રીની ડિટેલ ઉપલબ્ધ થશે. એવામાં કોઈ પણ અપરાધિક પ્રવૃતિની વ્યક્તિ પકડવા જવાના ભયથી અપરાધ કરવાથી ડરશે.

બ્રેઇનડેડ થતા વેપારીએ ૬ વ્યક્તિને નવજીવન આપ્યું

કિડની અને લિવરનું ટ્રાન્સપ્લાન્ટ ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓમાં અમદાવાદની **IKDRC**માં કરવામાં આવ્યું

કોરોનાની બીમારીથી સાજા થયેલા વૈષ્ણવ સુરતી વિશા ખડાયતા સમાજના બ્રેઈનડેડ મનીષ પ્રવિણચંદ્ર શાહના પરિવારે તેમના ફેફસાં, કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી છ વ્યક્તિઓને નવજીવન બક્ષી, માનવતાની મહેક ફેલાવી સમાજને નવી દિશા બતાવી. સુરતથી કલકત્તાનું ૧૬૨૫ કિ.મીનું અંતર ૧૯૦ મિનીટમાં કાપીને ફેફસાંનું ટ્રાન્સપ્લાન્ટ કલકત્તાના રહેવાસી ૪૬ વર્ષીય વ્યક્તિમાં કલકત્તાની મેડીકા સુપર સ્પેશીયાલીટી હોસ્પીટલમાં કરવામાં આવ્યું. કિડની અને લિવરનું ટ્રાન્સપ્લાન્ટ ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓમાં અમદાવાદની **IKDRC**માં કરવામાં આવ્યું. સુરતે ડોનેટ લાઈફના માધ્યમથી અંગદાનના ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરે મહત્વનું સ્થાન મેળવ્યું. સુરતથી ડોનેટ લાઈફના માધ્યમથી દાનમાં મેળવવામાં આવેલા હૃદય અને ફેફસાં દેશના વિવિધ શહેરો જેવા કે દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, બેંગ્લોર, કલકત્તા હૈદરાબાદ, ઈન્દોર અને અમદાવાદમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે. પૂજા રો-હાઉસ, જય અંબે મંદિરની પાસે, અડાજણ, સુરત ખાતે રહેતા ૫૩ વર્ષીય મનીષ પ્રવિણચંદ્ર શાહ કે જેઓ ભટારમાં મનીષ ટેક્ષ્ટાઈલસ નામથી એમ્બ્રોઈડરી યુનિટ ચલાવતા હતા. મનીષભાઈએ ગુરુવાર, તા.૧૬ સપ્ટેમ્બરના રોજ રાત્રે માથામાં તેમજ ડાબા હાથમાં દુઃખાવાની ફરિયાદ કરતા ઘરની નજીકમાં રહેતા ડોક્ટરે તેમને તપાસી દવાઓ આપી હતી. ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારે તબિયત વધુ બગડતા પરિવારજનોએ તેમને તાત્કાલિક યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલમાં ડૉ.નિલય દેસાઈની સારવાર હેઠળ દાખલ કર્યા. નિદાન માટે એન્જીયોગ્રાફી કરાવતા હૃદયની ડાબી બાજુની એક નળીમાં ૧૦૦% બ્લોકેજ હોવાનું નિદાન થતા ડૉ.ધવલ શાહ દ્વારા એન્જીયોપ્લાસ્ટી કરી સ્ટેન્ટ મુકવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમને **ICU** ખસેડ્યાના એકાદ કલાક પછી તેઓ બેભાન થઈ ગયા હતા. નિદાન માટે સિટી સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ કારણે મગજમાં લોહીનો ગઠ્ઠો તેમજ સોજો હોવાનું નિદાન થયું હતું. ન્યુરો સર્જન ડૉ.ધવલ પટેલે ક્રેનીઓટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો. રવિવાર, તા.૧૯ સપ્ટેમ્બરના રોજ યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલના ડોકટરોએ મનીષભાઈને બ્રેનડેડ જાહેર કરતા પરિવારજનોએ ડોનેટ લાઈફ સંસ્થાનો સંપર્ક કરી અંગદાનની ઈચ્છા વ્યક્ત કરી. ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી મનીષભાઈના પરિવારજનોને અંગદાનની સમગ્ર પ્રક્રિયા સમજાવતા પરિવારજનોએ અંગદાન જીવનદાન સંદેશો સમાજમાં ફેલાવવા અંગદાનનો નિર્ણય કરતા તેઓના ફેફસાં, કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું જેનાથી છ વ્યક્તિઓને નવું જીવન મળ્યું. સુરતની યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલથી કલકત્તાનું ૧૬૨૫ કિ.મીનું અંતર ૧૯૦ મીનીટમાં કાપીને દાનમાં મેળવવામાં આવેલા ફેફસાંનું ટ્રાન્સપ્લાન્ટ કલકત્તાની મેડીકા સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલમાં કલકત્તાના રહેવાસી ૪૬ વર્ષીય કરવામાં આવ્યું છે. આ વ્યક્તિના ફેફસા કોવિડને કારણે ખરાબ થઈ ગયા હતા અને તે એકસો ત્રણ દિવસથી **ECHO** મશીનના સપોર્ટ પર હતો. આમ કોરોના માંથી સાજા થયેલા મનીષભાઈએ

કોરોનાની મહામારીમાં સપડાયેલા કલકત્તાના રહેવાસીને નવું જીવન આપ્યું. દાનમાં મેળવવામાં આવેલી બંને કિડની પૈકી એક કિડની વડોદરાના રહેવાસી ૪૪ વર્ષીય વ્યક્તિમાં તેમજ બીજી કિડની અમદાવાદાના રહેવાસી ૨૯ વર્ષીય યુવકમાં જયારે લિવર વડોદરાના રહેવાસી ૨૧ વર્ષીય યુવકમાં અમદાવાદની **Institute of Kidney Diseases and Research Centre**માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. તેમજ ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકે સ્વીકર્યું. ગુજરાતમાં છેલ્લા એકવીસ દિવસમાં સુરતથી ડોનેટ લાઈફ દ્વારા બ્રેઈનડેડ વ્યક્તિઓના અંગદાન કરાવવાની આ પાંચમી ઘટના છે જેના થકી ૨૫ વ્યક્તિઓને નવું જીવન મળ્યું છે. ગુજરાતમાંથી ફેફસાના દાનની આ અગિયારમી ઘટના છે. જેમાં સુરતમાંથી ડોનેટ લાઈફ દ્વારા ફેફસાં દાન કરાવવાની આ દસમી ઘટના છે, જેમાંથી ૪ ફેફસાં મુંબઈ, ૨ ફેફસાં બેંગ્લોર, ૮ ફેફસાં ચેન્નાઈ, ૪ ફેફસાં હૈદરાબાદ અને ૨ ફેફસાં કલકત્તામાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે. ફેફસાં અને લિવર સમયસર કલકત્તા અને અમદાવાદ પહોંચાડવા માટે બે ગ્રીન કોરીડોર બનાવવામાં આવ્યા હતા જેમાં સુરત શહેર પોલીસ તેમજ રાજ્યના વિવિધ શહેર અને ગ્રામ્ય પોલીસનો સહકાર સાંપડ્યો હતો. ડોનેટ લાઈફ તેમજ સમગ્ર સમાજના સલામ છેપવંદન છેપ સ્વ. મનીષભાઈ અને તેમના પત્ની મોનાબેન, પુત્રો અનુજ, અભી અને સમગ્ર પરિવારજનોને તેમના આ નિર્ણય બદલ. સુરતે ડોનેટ લાઈફના માધ્યમથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અંગદાન ક્ષેત્રેમાં મહત્વનું સ્થાન મેળવ્યું છે. સુરતથી દાનમાં મેળવવામાં આવેલા હૃદય અને ફેફસાં દેશના જુદા જુદા શહેરો જેવા કે દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, બેંગ્લોર, કલકત્તા, હૈદરાબાદ, ઈન્દોર, અને અમદાવાદ જેવા શહેરોમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે. તદ્દઉપરાંત અંગદાનના ક્ષેત્રમાં સુરતે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાની અલગ ઓળખ ઉભી કરી છે. સુરતથી દાનમાં મેળવવામાં આવેલા હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ યુક્રેન, યુએઈ અને રશિયાના નાગરિકોમાં, ફેફસાંનું ટ્રાન્સપ્લાન્ટ યુક્રેનના નાગરિકમાં મુંબઈ અને ચેન્નઈની હોસ્પીટલમાં કરવામાં આવ્યા હતા.

રેમો ડિસૂઝાની પત્નીએ ૨ વર્ષમાં ૪૦ કિલો વજન ઉતાર્યું

રેમોનો તેની પત્નીની ઉપલબ્ધિ પર ગર્વ છે. તેણે તેની તસવીર શેર કરતાં તેનાં વજન ઘટાડવાની સફર અંગે જણાવ્યું છે અને વખાણ કર્યા છે. રેમોની પત્ની લીઝેલે બે વર્ષમાં ૪૦ કિલો જેટલું વજન ઉતારી દીધુ છે. રેમોએ ૧૯ સ્પટેમ્બરની એક પોસ્ટ લખવામાં આવી છે. અહીં સુધી પહોંચવા માટે ઘણી મહેનત કરવી પડે છે. પણ સૌથી મોટી લડાઈ પોતાની જાત સાથે લડવી પડે છે.અને મે લિઝેલને આ લડાઈ લડતા જોઈ છે. અને અશક્ય લાગતા આ લક્ષ્યને હાંસેલ કરતાં જોઈ છે. રેમો વધુમાં લખે છે કે, 'હું હમેશાં કહેતો હતો કે, આ જે આપનું મગજ છે તેને આપે મજબૂત બનાવવાનું છે અને લિઝ તે આ કરી દેખાડ્યું છે. મને તારા પર ગર્વ છે. આપ મારાથી વધુ મજબૂત છો. આપ મને પ્રેરિત કરો છો, તને પ્રેમ. લિઝેલે રેમોને જવાબ આપતાં કહ્યું છે કે, ઓહ, આઈ લવ યૂ બેબી. આ બાદ, તેમણે ઘણી હાર્ટ ઈમોજી શેર કરી છે. વરૂણ ધવન પહેલો સેલિબ્રિટી છે જેણે રેમોની પોસ્ટ પર કમેન્ટ કરી છે. તે લખે છે કે, વાહ લિઝ એક્ટર જય ભાનુશાળી, આમિર અલી અને સાકિબ સલીમ સમેત ઘણાં સ્ટાર્સને લિઝેલને તેનાં અચીવમેન્ટ પર વધામણી આપી છે. લિઝેલે પણ તેનાં ઈન્સ્ટાગ્રામ પેજ પર ફોટોઝ અને કોલાજ શેર કરી છે. અને લખ્યું છે કે, આઈ લવ યૂ. તુ સાચો છે. આ બધુ જ આપનાં મગજમાં હોય છે. અને તારા વગર આ સંભવ ન હતું. લિઝેલે પોસ્ટમાં આગળ લખ્યું છે કે, આપની ટ્રેનરનો આભાર માન્યો. તે તેની વેટ લોસની જર્નીથી નેટિઝને પ્રેરિત કરી રહી છે. અને જણાવી રહી છે કે, જો આપ કંઈક નક્કી કરી લો છો તો, કંઈપણ અશક્ય નથી.

સારા અલીની દરગાહ, ચર્ચ, ગુરુદ્વારા, મંદિરની મુલાકાત

બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાન અત્યારે મિત્રો સાથે કાશ્મીર ટ્રિપ પર ગઈ છે. સારા અલી ખાન કાશ્મિરથી પોતાની તસવીરો શેર કરે છે. સારાએ સોશિયલ મીડિયા પર કેમ્પિંગની તસવીરો પણ શેર કરી હતી. હવે તેણે પોતાની બીજી તસવીરો શેર કરીને સર્વધર્મ સમભાવનો સંદેશ આપ્યો છે. સારાએ કાશ્મિરમાં વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી છે. સારાએ દરગાહ, ચર્ચ, ગુરુદ્વારા અને મંદિરમાં પ્રાર્થના કરી હતી. સારા અલી ખાને તસવીરની સાથે કેપ્શનમાં ફારસી ભાષામાં એક શાયરી લખી છે. આ શાયરીનો ઉપયોગ ઘણાં લોકો દ્વારા કાશ્મીર માટે કરવામાં આવે છે. આ શાયરી છે, ગર ફિરદૌસ બર રુએ ઝમીં અસ્ત, હમીં અસ્ત, હમી અસ્ત, હમી અસ્ત. આ ફારસી શાયરીનો અર્થ છે કે, જો ધરતી પર ક્યાંય સ્વર્ગ છે, તો તે અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે. અને આ જ પોસ્ટમાં નીચે સારાએ લખ્યું છે કે, સર્વધર્મ સમભાવ. ઉલ્લેખનીય છે કે સારા પોતાના મિત્રો સાથે કાશ્મીર ફરવા ગઈ છે. તેણે પોતાની પોસ્ટમાં મસ્જિદમાં દુઆ માંગતી તસવીર શેર કરી છે. આ સાથે જ તેણે દરગાહમાં મન્નતનો દોરો પણ બાંધ્યો. ત્યારપછી તેણે ચર્ચ, ગુરુદ્વારા અને મંદિરની મુલાકાત પણ લધી અને આ તમામ તસવીરો ફેન્સ સાથે શેર કરી છે. આ પહેલા એક પોસ્ટમાં સારાએ મિત્રો સાથે કેમ્પિંગની તસવીરો શેર કરી હતી. સારાએ શેષનાગમાં ઝરણાંના કિનારે રાત પસાર કરી હતી. તેણે ચાંદની રાતની તસવીરો પણ શેર કરી હતી. સારાને હરવા ફરવાનો ઘણો શોખ છે. આ પહેલા તે માલદીવ ટ્રિપ પર હતી. માલદીવથી પણ સારાએ પોતાની અનેક ગ્લેમરસ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. થોડા સમય પહેલા સારા પોતાની મિત્ર રાધિકા મદાન સાથે લદ્દાખ પ્રવાસ પર ગઈ હતી. આ પ્રવાસ પર તેમની સાથે સિંગર જસલીન પણ હતી. સારાએ ત્યારે પણ ધાર્મિક સ્થાનોની મુલાકાત લીધી અને લદ્દાખની સુંદરતા સોશિયલ મીડિયા પર શેર કરી હતી. વર્કફ્રંટની વાત કરીએ તો સારા ટુંક સમયમાં ફિલ્મ અતરંગી રેમાં જોવા મળશે. આ ફિલ્મમાં સારા અલી ખાનની સાથે અક્ષય કુમાર અને સાઉથ ઈન્ડિયન એક્ટર ધનુષ પણ જોવા મળશે. આ પહેલા સારા કેદારનાથ, સિમ્બા, લવ આજ કલ અને કૂલી નંબર વન ફિલ્મમાં કામ કરી ચૂકી છે.

અભિનેતા સિધ્ધાર્થ શુક્લાનું ૪૦ વર્ષની વયે નિધન થયું

પોપ્યુલર ટીવી એક્ટર અને 'બિગ બોસ ૧૩'ના વિજેતા રહી ચૂકેલા સિદ્ધાર્થ શુક્લાનું નિધન થયું છે. ૪૦ વર્ષીય સિદ્ધાર્થ શુક્લાનું વહેલી સવારે હાર્ટ અટેકના લીધે નિધન થયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સિદ્ધાર્થ શુક્લા રાત્રે દવા લઈને સૂઈ ગયો હતો પરંતુ દવા શેની હતી તેની કોઈ જાણકારી મળી નથી. સિદ્ધાર્થના મૃતદેહનું મુંબઈની કૂપર હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ થયું.

મીડિયા રિપોર્ટ પ્રમાણે, સિદ્ધાર્થ શુક્લાને કૂપર હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. સિદ્ધાર્થ શુક્લા પોતાની પાછળ માં અને બે બહેનોને રડતા મૂકીને ગયો છે.

સિદ્ધાર્થના મોતની ખબર સાંભળીને આખી મનોરંજન ઈન્ડસ્ટ્રી શોકમાં છે. સેલેબ્સે સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કરી રહ્યા છે. સિદ્ધાર્થને શ્રદ્ધાંજલિ આપતાં એક્ટર ગૌતમ રોડેએ લખ્યું, જિંદગી અણધારી છે. સિદ્ધાર્થના અવસાનના સમાચાર સાંભળીને આઘાત લાગ્યો છે. વર્ણવી ના શકું એટલું દુ:ખ થાય છે. તેના પરિવાર, મિત્રો અને ફેન્સને મારી સાંત્વના. તારી આત્માને શાંતિ મળે મારા મિત્ર.

સિદ્ધાર્થ શુક્લા ટીવી ઈન્ડસ્ટ્રીનો જાણીતો ચહેરો હતો. તેણે બિગ બોસની ૧૩મી સીઝન જીતી હતી. આ સિવાય ખતરોં કે ખિલાડી ૭નો પણ વિજેતા રહી ચૂક્યો છે. સીરિયલ બાલિકા વધૂ દ્વારા સિદ્ધાર્થે ઓળખ બનાવી હતી. જોકે, બિગ બોસ ૧૩માં ભાગ લીધા પછી સિદ્ધાર્થની પ્રસિદ્ધિમાં જબરદસ્ત ઉછાળો આવ્યો હતો. બિગ બોસના ઘરમાં એક્ટ્રેસ-સિંગર શહેનાઝ ગિલ સાથેની તેની કેમેસ્ટ્રી ચર્ચામાં રહી હતી. ફેન્સને સિદ્ધનાઝની જોડી ખૂબ પસંદ હતી. થોડા સમય પહેલા જ સિદ્ધાર્થ અને શહેનાઝના કેટલાક મ્યૂઝિક વિડીયો આવ્યા હતા. જે પોપ્યુલર થયા હતા.

સામગ્રી

૨૫૦ ગ્રામ ખોપરા નો ભૂકો
૩-૪ કન્ડેરસ દૂધ
૧ કપ દૂધ
૨ ચમચી (ઘી /બટર)
૧ ચમચી ઈલાયચી
૧૦૦ ગ્રામ બદામ

બનાવવાની રીત

સૌ પ્રથમ ૫૦ ગ્રામ કોપરાનો ભૂકો અલગ એક પ્લેટમાં મૂકી દો ત્યારબાદ ૫૦ ગ્રામ બદામ નાના-નાના ટુકડા કરીને મૂકી દો.

ત્યાર બાદ એક પેનમાં લઈ ગેસ ચાલુ કરો તેમા (બટર /ઘી) નાખી ગરમ કરો. ત્યાર બાદ કન્ડેરસ દૂધ નાખી ઉકાળો એક સરખા પછી તેમાં દૂધ નાખી ત્યારબાદ કોપરાનો ભૂકો નાખો તેને ૨ મિનિટ એકસરખું પકવા દો તેમાં ઈલાયચી પાવડર નાખી મિક્સ કરો પછી બદામ નાના નાના ટુકડા નાખી મિક્સ કરો પછી ગેસ બંધ કરો અને ઠંડું થાય પછી તેના નાના-નાના લાડવા બનાવો પછી જે અલગ શકે કોપરાનું ભૂકો મૂકીયો તેમા તે લાડવા પર પડ લગાવી તેની ઉપર બદામ મૂકી આ રીતે કોપરાના લાડવા તૈયાર આ લડવાને તમે એક બોક્સ માં મૂકી કોઈને ભેટ આપીદો.

સામગ્રી :
૨૦૦ ગ્રામ ડાર્ક ચોકલેટ
૧ કપ દૂધ
૨ ચમચી બટર
૧૫૦ ગ્રામ કન્ડેરસ દૂધ
૨૦૦ ગ્રામ ડ્રાયફ્રુટ
(બદામ પિસ્તા અખરોટ)

બનાવવાની રીત : સૌપ્રથમ ડ્રાયફ્રુટના નાના-નાના ટુકડા કરી પ્લેટમાં મૂકી દો.

ડાર્ક ચોકલેટ નાના-નાના ટુકડા કરી એક બાઉલમાં મૂકી દો. પછી એક પેન લઇ ગેસ ચાલુ કરો પછી તેમાં દૂધ નાખી તેમાં બટર અને કન્ડેરસ દૂધ નાખી ગરમ કરો મીડીયમ આંચ પર એક ઉકાળો આવે ત્યાં સુધી ગરમ કરો પછી તેમા ડાર્ક ચોકલેટના ટુકડા નાખી તેને મિક્સ કરો જ્યાં સુધી ચોકલેટ પીગળે નહીં ત્યાં સુધી હલાવતા હલાવતા પકવા દો. એમાં જ્યાં સુધી જાડો ગ્રેવી ના બને ત્યાં સુધી એકસરખું પકવા દો ૧૦ મિનિટ સુધી પકવા દો વચ્ચે વચ્ચે તેને હલાવતા રહો નહીં તો ચોકલેટ ચોટી જશે પછી એક બોક્સ જેવું બાઉલ લો તેમાં બટર પેપર મૂકી આ ચોકલેટ ની ગ્રેવી તેમાં નાખી એક સરખું સેટ કરો પછી તેને ઉપર કાપેલા ડ્રાયફ્રુટ મૂકી તેને ત્રણ પાંચ કલાક ફ્રીજમાં મૂકી દો. પછી તેને નીકળી એક સરખા બરફી ના પીસ કરો આ રીતે સ્વાદિષ્ટ ચોકલેટ તૈયાર છે આ ચોકલેટ બરફી બાળકોને ખૂબ જ પસંદ હોય છે.

TODAY'S MEDIA

ADVERTISEMENT | BRANDING | PROMOTION

OUR SERVICES

THE COMPLETE SOLUTIONS FOR BUSINESS NEEDS

- Graphics Design
- Digital Business Card
- Festival Greetings
- YouTube Package
- WhatsApp Marketing
- Social Media Marketing
- Menu Card Designing
- Business Promotion
- Customize Gift Promotion
- Business Poster
- Digital Wedding Card
- Calender Designing
- Product Photography
- Magazine Advt
- Digital Advt
- Newspaper Advt
- Branding Poster
- Digital Video Logo
- Customize MUG / MASK
- Social Media POSTER
- Social Media Management
- Logo Designing
- Website Development
- Business on Google Map
- Flex Banner
- Showroom/Business Video

JOIN US ON

FOR MORE INFO

CONTACT : M: 77 77 99 18 32

OLD & NEW LAPTOP

CCTV

Sales & Service

ALL TYPE OF IT SERVICE

WEB CAMERA

COMPUTER PRINTER

Sales & Service

CONTACT NOW : M: 93 77 11 1033 | 7878601033

FIRST FLOOR C16 GULMOHAR SOCIETY.MEMON HALL ROAD.
NR.UNION PARK.OPP. HARYALI SOCITY.JUHAPURA-AHMEDABAD-55

RNI Registration No. GUJGUJ/2016/72090 Registered under Postal Registation No. AHD-C/102/2019-2022 Valid up to Dt. 31/12/2022 issued by the SSPO's,
Ahmedabad City Division. Published on 1st Date of Every month and Permitted to post at Ahmedabad PSO on 5th Date of Every Month.

આ ઓફર ફકત અલ-દીનાર-૩ માટે છે

AL DEENAR-3

FASHION PVT. LTD.

૫૫% ડિસ્કાઉન્ટ

પહેલા માળે, આબાદ આર્કેડ, બાગે મુજતબા (અલ-બુરૂજ) સામે,
મકરબા રોડ, સરખેજ, અમદાવાદ.
M : 8511728300, 9157241499, 9825086114

લિમીટેડ સ્ટોક હોવાથી આ ઓફર નો લાભ વહેલા તે પહેલા ધોરણે ઉપાડો

AL DEENAR-1 FASHION PVT. LTD.

ડી-૧૨, ૧૩, ૧૪, સફલ-૮, નેશનલ હેન્ડલૂમ ની સામે, અજીત મીલ ચાર રસ્તા પાસે,
રખીયાલ રોડ, અમદાવાદ. M : 9924169333, 9157241499, 9825086114

ડિઝાઈનર લેહંગા નુ ભવ્ય શો-રૂમ (હોલસેલ અને રીટેલ)

AL DEENAR 2 Fashion Pvt.Ltd.



Safal -8, D-101, 102, Near Vijay Sales, Ajit Mill Char Rasta, Rakhial,
Ahmedabad. M : 9924169333, 9157241499, 9825086114

તમારી મનપસંદ ડીઝાઈન નો ડ્રેસ ઓર્ડર મુજબ તૈયાર કરી આપવામાં આવશે

ટુંક સમયમાં
જુહાપુરામાં
શરૂ થાય છે

AL MANJAL JEWELLERS PVT. LTD.

૯૧.૬ હોલમાર્ક ના દાગીના નો ભવ્ય શો-રૂમ

શોપ નં ૧૩, કલાસીક હાઈટ બિલ્ડીંગ, બેન્ક ઓફ બરોડાની પાસે,
રોયલ અકબર ટાવર ની સામે, જુહાપુરા, અમદાવાદ.

BIS916
માનક : पथप्रदर्शक
No. CM/L-3911258

SINCE 2016

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

શું તમે તમારા ધંધાને વધારવા માંગો છો.?

‘ટુડેઝ ફેક્ટ સમાચારની’ મેગેઝિનમાં જાહેરાત કરો અને લાભો મેળવો

DISPLAY ADVT.

માત્ર ₹ 750 થી

જાહેરાત શરૂ

*TERMS & CONDITIONS APPLY

BOOK YOUR ADVERTISEMENT NOW | Don’t MiSS OFFER

M: 90 33 30 20 74 | 743 50 50 451

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

TO GET LATEST NEWS UPDATE

CLICK ICON TO JOIN WITH US

JOIN US ON WHATSAPP

DOWNLOAD APP

GET IT ON Google Play

FOLLOW US ON INSTAGRAM

LIKE OUR PAGE FACEBOOK

FOR VIDEOS SUBSCRIBE

TODAYS FACT SAMACHAR YOUTUBE CHANNEL

YouTube

FOR ADVERTISEMENT CONTACT

M: 90 33 30 20 74

YouTube ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

CLICK ON IMAGE TO WATCH VIDEO

LATEST VIDEOS

CLICK HERE

CLICK HERE

CLICK HERE

CLICK HERE

CLICK HERE

CLICK HERE

CLICK HERE

FOR VIDEO UPDATES SUBSCRIBE

TODAYS FACT SAMACHAR

YOUTUBE CHANNEL

YouTube

CLICK HERE

CLICK HERE

FOR ADVERTISEMENT CONTACT : M: 90 33 30 20 74

CLICK HERE

CLICK HERE